કેસ પ્રાપ્તિ તારીખ : ૨૪/૦૫/૨૦૨૨
કેસ દાખલ તારીખ : ૨૪/૦૫/૨૦૨૨
કેસ નિર્ણીત તારીખ : ૨૯/૦૪/૨૦૨૩
અવધી : વર્ષ... માસ...દિવસ...
આંક – ૨૩

IN THE COURT OF
8th Additional District & Sessions Judge, Ahemedabad(Rural)
Date of The Iudgement : /4/2023
SC No.153/2022
Details of F.I.R /Crime and Police Station;
વસ્ત્રાપુર પો.સ્ટે.ફ. ગુ.ર.નં.૨૧૮/૧૭, ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ.

| | |
|---|---|
| Complainant | **શ્રી સરકાર** |
| REPRESENTED BY | વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પટેલ |
| ACCUSED | **૧) લગધીરભાઈ ઈશ્વરભાઈ રબારી**<br>રહે. બ્લોક નં.૪૧/૧૨૮૭, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૨) દશરથભાઈ ભીખાભાઈ રબારી**<br>રહે. બ્લોક નં.૧૭/૫૨૧, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૩) ભાવેશભાઈ રૂગનાથભાઈ દેસાઈ**<br>રહે. બ્લોક નં.૨૪/૭૪૩, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૪) સંજયકુમાર સુખાભાઈ રબારી**<br>રહે. બ્લોક નં.૩૬/૧૧૪૩, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૫) જામાભાઈ ભગવાનભાઈ રબારી**<br>રહે. રવિભાઈ ઠકકરના ખુલ્લા પ્લોટમાં, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૬) અંબારામ માલજીભાઈ રબારી**<br>રહે. બ્લોક નં.૫૪/૧૦૧૭, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ |
| REPRESENTED BY | આરોપીઓ/બચાવપક્ષ તર્ફે વિધ્વાન વકીલ<br>શ્રી યુ.એ.મન્સુરી |
| Date of Offence | તા.૨૬/૮/૨૦૧૭, ક.૨૧:૦૦ |
| Date of F.I.R | તા.૨૭/૮/૨૦૧૭, ક.૧૫:૩૦ વાગ્યે |
| Date of Chargesheet | તા.૨૪/૫/૨૦૨૨ |
| Date of Framing of Charges | તા.૧૧/૧૧/૨૦૨૨ |
| Date of commencement of evidence | તા.૫/૧/૨૦૨૩ |
| Date of which judgement is reserved | તા.૧૯/૪/૨૦૨૩ |
| Date of the Judgement | તા.૨૯/૪/૨૦૨૩ |
| Date of the Sentencing Order, if any | – |

District & Sessions Court Ahmedabad (Rural)

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Under gone durring Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| આરોપીઓ નં. ૧ થી ૬ | **૧) લગધીરભાઈ ઈશ્વરભાઈ રબારી**<br>રહે. બ્લોક નં. ૪૧/૧૨૮૭, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૨) દશરથભાઈ ભીખાભાઈ રબારી**<br>રહે. બ્લોક નં.૧૭/૫૨૧, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૩) ભાવેશભાઈ રૂગનાથભાઈ દેસાઈ**<br>રહે. બ્લોક નં.૨૪/૭૪૩, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૪) સંજયકુમાર સુખાભાઈ રબારી**<br>રહે. બ્લોક નં. ૩૬/૧૧૪૩, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૫) જામાભાઈ ભગવાનભાઈ રબારી**<br>રહે. રવિભાઈ ઠક્કરના ખુલ્લા પ્લોટમાં, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ<br>**૬) અંબારામ માલજીભાઈ રબારી**<br>રહે. બ્લોક નં. ૫૪/૧૦૧૭, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ | આરોપીઓ નં.૧ થી ૪ તા.૨૯/૮/૨૦૧૭<br><br>આરોપીઓ નં.૫ અને ૬ તા.૨૧/૧૧/૨૦૧૭ | આરોપીઓ નં.૧ થી ૪ તા.૨૯/૮/૨૦૧૭<br><br>આરોપીઓ નં.૫ અને ૬ તા.૨૧/૧૧/૨૦૧૭ | ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ. | નિર્દોષ | — | — |

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

### A. Prosecution.

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, ECPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|
| PW 1 | ધવલભાઈ હસમુખભાઈ ગોહીલ, આંક–૧૩ | ફરિયાદી |
| PW 2 | પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલ, આંક–૧૪ | સાહેદ |
| PW 3 | સુરેન્દ્રભાઈ રણછોડભાઈ ગામીત, આંક–૧૭ | ત.ક.અ. |

District & Sessions Court Ahmedabad Rural
सत्यमेव जयते

**LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.**

**A. Prosecution**

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1 | ૧૪ | ફરિયાદ |
| 2 | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| 3 | ૧૯ | સૂચિપત્ર |

**–:: ચુ કા દો ::–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ધવલભાઈ ફરિયાદના બે માસ અગાઉ પોણા નવેક વાગ્યે બ્લોક નં.૩૭ આગળ સવારના દુધ લેવા જતા ત્રણ અજાણ્યા છોકરાઓ ખીજવતા જે બાબતે બોલાચાલી થયેલ જે પૈકી એક છોકરો ગઈ તા.૨૬/૮/૨૦૧૭ના નવેક વાગ્યે દેખાતા તેની પાછળ પાછળ જતા જે છોકરો ફરિયાદીને ઓળખી જતા ભાગી ગયેલ અને તે છોકરાના સગા બ્લોક નં.૩૬માં રહેતા હાલના આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી બે મહીના અગાઉ છોકરાઓ સાથે થયેલ બોલાચાલી બાબતે સમજાવવા પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદીના ઘરે જતા ફરિયાદીએ મકાનનો દરવાજો નહી ખોલતા આરોપીઓએ દરવાજાની જાળી જોર જોરથી ખખડાવી ખોલવા પ્રયત્ન કરી બારીનો કાચ તોડી નાખી નુકસાન કરી બિભત્સ ગાળો બોલી, સાલા બધાને બહાર કાઢો આજે તો પતાવી જ દેવા છે, તેવી ધમકી આપતા ફરિયાદીને પોતાને મારી નાખશે જેથી ગભરાઈ ગયેલ અને પોતાના સ્વબચાવ સારૂ પોતાના ઘરમાં રહેલ સંડાસ બાથરૂમ ધોવાનું એસીડ લઈ આવી દરવાજો ખોલી આરોપીઓ ઉપર નાખતા આરોપીઓ નં.૨, ૩ નાઓ ઉપર પડતા તેઓને શરીરે ઈજા થયેલ અને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલને ગડદાપાટુનો માર મારી ભાગી ગયેલ તેવો આ કામના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપ કરી, ફરિયાદી ધવલભાઈ હસમુખભાઈ ગોહીલનાઓએ વસ્ત્રાપુર પો.સ્ટે.માં વિગતવારની ફરિયાદ આપી હતી અને તે ફરિયાદના આધારે વસ્ત્રાપુર પો.સ્ટે.ગુ.રજી.નંબર : ૨૧૮/૨૦૧૭ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (હવે પછી આ ચુકાદામાં ''પીનલ કોડ'' તરીકે સંબોધવામાં આવ્યા છે) તેની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) અન્વયેનો ગુન્હો નોંધવામાં આવ્યો હતો. તપાસ

દરમ્યાન ત.ક.અમલદારશ્રીએ લગતા–વળગતા સાહેદોની પુછપરછ કરી, નિવેદનો નોંધવામાં આવેલા. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તપાસના કામે સામેલ રાખી, તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય, અમદાવાદ(રૂરલ)ના મહેરબાન એડી. સિવિલ જજ શ્રી સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવ્યુ હતુ. જે અન્વયે ફો.કે.નં.૧૧૨૧/૨૦૧૮ નો દાખલ કરવામાં આવેલ, જે ક્રિ .પ.અ.નં.૧૦૮૫/૨૧ના હુકમ અન્વયે, આરોપીઓ સામેનો કેસ, ક્રોસ કેસ હોવાથી સેશન્સ અદાલતને ટ્રાન્સફર કરી મોકલી આપેલ.

(૨) આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સ કાઢવામાં આવ્યા હતા. જેની ધોરણસરની બજવણી થતાં, આરોપીઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર રહીં અને ''સંહિતા'' ની કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી છે કે કેમ ? તેની ખાત્રી કરતાં, આરોપીઓને નકલ મળી ગયેલ હોવાનુ જણાય છે. સદર કેસ ટ્રાન્સફર થયા બાદ, ''સંહિતા'' ની કલમ–૨૨૫ અન્વયે હાલના સત્ર અદાલત સમક્ષના કેસની ઈન્સાફી કાર્યવાહી એ.પી.પી.શ્રી.નાઓએ સંભાળી હતી અને ''સંહિતા'' ની કલમ–૨૨૬ અન્વયે એ.પી.પી.શ્રી.એ આરોપીઓ સમક્ષના તહોમતની વિગતો દર્શાવી તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ કયા સુચીત પુરાવાઓ ઉપર આધાર રાખવાનો છે તેનું વર્ણન કરી, સદર કેસનો પ્રારંભ કર્યો હતો. આરોપીઓને ''સંહિતા'' ની કલમ–૨૨૭ અન્વયે ડીસ્ચાર્જ કરવામાં આવ્યા ન હોય અને કલમ–૨૨૭ માં જણાવ્યા અનુસાર ફરિયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતાં, આરોપીઓએ તેમની સામેના આક્ષેપીત ગુનાહીત કૃત્યો કર્યાનું અનુમાન કરી શકાય તેમ હોય અને તે અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સત્ર અદાલતને હોય ''સંહિતા''ની કલમ–૨૨૮(બી) અન્વયે આરોપીઓની સામે ''પીનલ કોડ''ની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનું તહોમતનામું આંક–૬ થી તા.૧૧/૧૧/૨૦૨૨ના રોજ અત્રેની અદાલત ધ્વારા ઘડવામાં આવેલ, તે આરોપીઓ સમક્ષ વાંચી સંભળાવીને સમજાવીને તેમની સામેના આક્ષેપીત ગુનાઓ કર્યાનું કબુલ કરવા માંગે છે કે બચાવ કરવા માંગે છે તેમ પુછી તેમના નિવેદનો આરોપી નં.૧ થી જનાઓના અનુક્રમે આંક–૭ થી આંક–૧૦ સુધી નોંધવામાં આવ્યા છે. જે અન્વયે આરોપીઓએ તેમની સામેના આક્ષેપીત ગુનાઓ કર્યાનો ઈન્કાર કરી બચાવ કરવા માંગતા હોવાની હકીકત જણાવતા તથા આરોપી નં.૫ અને ૬ છેલ્લા ઘણાં સમયથી હાજર રહેતા ન હોઈ અને નજીકના ભવિષ્યમાં પણ હાજર થાય તેવી સંભાવના જણાતી ન હોઈ અને વધુમાં હાલના કેસનો

ક્રોસ કેસ નં.૮૯/૧૮ ચાલવા ઉપર હોવાથી હાલના કેસમા હાજર આરોપીઓ પુરતો ચાર્જફ્રેમ કરી જે પુરાવો નોંધાય તે સદર આરોપી નં.પ અને ૬ સામે સંહિતાની કલમ–૨૯૯ મુજબનો ગણી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૨.૧)** સદર કામે સદર કામમા તહોમતનામુ ફરમાવ્યા બાદ અત્રેની કોર્ટ દ્વારા કુલ–૩ સાહેદ તપાસવામાં આવેલ છે.

**(૨.૩)** આ કામના ફરિયાદી ધવલભાઈ હસમુખભાઈ ગોહીલ વિરુધ્ધ આ કામના આરોપીઓએ પણ ''પીનલ કોડ'' ની કલમ : ૩૨૬(બી) મુજબની ફરિયાદ આપેલ હતી. તે ફરિયાદ અન્વયેનું ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે અને સેસન્સ કેસ નંબર : ૮૯/૨૦૧૮ થી અત્રેની કોર્ટમાં કમીટ થઈ આવેલ છે.

**(૩)** ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે :

**<u>(એ) મૌખિક પુરાવાઓ :–</u>**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, ECPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|
| PW 1 | ધવલભાઈ હસમુખભાઈ ગોહીલ, આંક–૧૩ | ફરિયાદી |
| PW 2 | પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલ, આંક–૧૪ | સાહેદ |
| PW 3 | સુરેન્દ્રભાઈ રણછોડભાઈ ગામીત, આંક–૧૭ | ત.ક.અ. |

**<u>(બી) દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1 | ૧૪ | ફરિયાદ |
| 2 | ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| 3 | ૧૯ | સૂચિપત્ર |

(૪) ફરિયાદપક્ષે પુરાવો સંપુર્ણ નોંધાવ્યા બાદ, અત્રેની અદાલતે ''સંહિતા'' ની કલમ–૨૩૩ અનુસાર આરોપીઓને પોતે કોઈ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય તો તે મુજબ કરવા અને/અથવા બચાવના સાહેદો તપાસવા માંગતા હોય તે મુજબ કરવા તેઓને પુરેપુરો અધિકાર છે તેવી સમજ આપવામાં આવી હતી, પરંતુ બચાવપક્ષ તર્ફે તેઓ સદર કલમ અન્વયે રહેલા અધિકારનો ઉપયોગ કરવા માંગતા ન હોવાનું જાહેર કરેલ. સબબ અત્રેની અદાલતે ''સંહિતા'' ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન તેમની પ્લી અન્વયે નોંધવામાં આવેલ. જે દરમ્યાન આરોપીઓને ફરિયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલા તેમની સામેના પુરાવાકીય સંજોગો રજુ કરી, તેનો ખુલાસો પુછતા ફરિયાદપક્ષે તેમની સામેના પુરાવાકીય સંજોગોનો ઈન્કાર કરી અમારી ઉપર ખોટો કેસ કર્યો હોય, પુરાવો ન હોય, નિર્દોષ છોડી મુકવા જણાવેલ છે.

(૫) આ કામના આરોપીઓ ઉપર ''પીનલ કોડ''ની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧)અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યાનું તહોમત મુકવામાં આવ્યુ છે. ફરિયાદપક્ષનો એવો આક્ષેપ છે કે, આ કામના ફરિયાદી ધવલભાઈ ફરિયાદના બે માસ અગાઉ પોણા નવેક વાગ્યે બ્લોક નં.૩૭ આગળ સવારના દુધ લેવા જતા ત્રણ અજાણ્યા છોકરાઓ ખીજવતા જે બાબતે બોલાચાલી થયેલ જે પૈકી એક છોકરો ગઈ તા.૨૬/૮/૨૦૧૭ના નવેક વાગ્યે દેખાતા તેની પાછળ પાછળ જતા જે છોકરો ફરિયાદીને ઓળખી જતા ભાગી ગયેલ અને તે છોકરાના સગા બ્લોક નં.૩૬માં રહેતા હાલના આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી બે મહીના અગાઉ છોકરાઓ સાથે થયેલ બોલાચાલી બાબતે સમજાવવા પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદીના ઘરે જતા ફરિયાદીએ મકાનનો દરવાજો નહી ખોલતા આરોપીઓએ દરવાજાની જાળી જોર જોરથી ખખડાવી ખોલવા પ્રયત્ન કરી બારીનો કાચ તોડી નાખી નુકસાન કરી બિભત્સ ગાળો બોલી, સાલા બધાને બહાર કાઢો આજે તો પતાવી જ દેવા છે, તેવી ધમકી આપતા ફરિયાદીને પોતાને મારી નાખશે જેથી ગભરાઈ ગયેલ અને પોતાના સ્વબચાવ સારૂ પોતાના ઘરમાં રહેલ સંડાસ બાથરૂમ ધોવાનું એસીડ લઈ આવી દરવાજો ખોલી આરોપીઓ ઉપર નાખતા આરોપીઓ નં.૨, ૩ નાઓ ઉપર પડતા તેઓને શરીરે ઈજા થયેલ અને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલને ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ગુન્હો કરેલ છે.

(૫.૧) ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં કુલ–૩ દસ્તાવેજી અને ૩ મૌખિક પુરાવાઓ ઉપર આધાર રાખ્યો છે. આ પુરાવા તરફ આ અદાલતનું ઘ્યાન દોરી વિધ્વાન એ.પી.પી.શ્રી. એ તેમની દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, આ કામના ફરિયાદી ધવલભાઈ ફરિયાદના બે માસ અગાઉ પોણા નવેક વાગ્યે બ્લોક નં.૩૭ આગળ સવારના દુધ લેવા જતા ત્રણ અજાણ્યા છોકરાઓ ખીજવતા જે બાબતે બોલાચાલી થયેલ જે પૈકી એક છોકરો ગઈ તા.૨૬/૮/૨૦૧૭ના નવેક વાગ્યે દેખાતા તેની પાછળ પાછળ જતા જે છોકરો ફરિયાદીને ઓળખી જતા ભાગી ગયેલ અને તે છોકરાના સગા બ્લોક નં.૩૬માં રહેતા હાલના આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી બે મહીના અગાઉ છોકરાઓ સાથે થયેલ બોલાચાલી બાબતે સમજાવવા પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદીના ઘરે જતા ફરિયાદીએ મકાનનો દરવાજો નહી ખોલતા આરોપીઓએ દરવાજાની જાળી જોર જોરથી ખખડાવી ખોલવા પ્રયત્ન કરી બારીનો કાચ તોડી નાખી નુકસાન કરી બિભત્સ ગાળો બોલી, સાલા બધાને બહાર કાઢો આજે તો પતાવી જ દેવા છે, તેવી ધમકી આપતા ફરિયાદીને પોતાને મારી નાખશે જેથી ગભરાઈ ગયેલ અને પોતાના સ્વબચાવ સારૂ પોતાના ઘરમાં રહેલ સંડાસ બાથરૂમ ધોવાનું એસીડ લઈ આવી દરવાજો ખોલી આરોપીઓ ઉપર નાખતા આરોપીઓ નં.૨, ૩ નાઓ ઉપર પડતા તેઓને શરીરે ઈજા થયેલ અને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલને ગડદાપાટુનો માર મારી ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. જેથી, ફરિયાદપક્ષ તરફે રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓને કસુરવાર ઠરાવીને સમાજમાં દાખલો બેસે તે પ્રકારની સજા કરવી જોઈએ.

(૬) જયારે બચાવપક્ષ તર્ફે વિ. વ. શ્રી નાઓએ જિલ્લા સરકારી વકીલશ્રીની દલીલોનું ખંડન કરતા દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરી છે કે, આ કામના આરોપીઓએ કોઈ આક્ષેપિત ગુન્હો કર્યો નથી. આરોપીઓ તદન નિર્દોષ છે અને તઓને સદર બનાવમાં ખોટી રીતે સંડોવવામાં આવેલા છે. ફરિયાદપક્ષ ધ્વારા આરોપીઓ ઉપર મુકવામાં આવેલ ''પીનલ કોડ''ની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) નીચેનું તહોમત સાબિત કરવામાં ફરિયાદપક્ષ તદૃન નિષ્ફળ નીવડયા છે. વધુમાં આ કામે મહત્વના એવા ફરિયાદી સાહેદ ધ્વારા પણ તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ ફરિયાદને અનુરૂપ કોઈ પુરાવો આપેલ નથી. આ કામના ઈજા પામનાર સાહેદે પણ પોલીસ રૂબરૂ આપેલ નિવેદનને સમર્થન કરેલ નથી. તેમજ ફરિયાદપક્ષ ધ્વારા રજૂ થયેલ અન્ય મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાથી પણ આ કામના આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી, જેથી દસ્તાવેજોને આંક પાડી દેવા માત્રથી આરોપીઓ સામેનુ તહોમત પુરવાર માની લઈ શકાય નહી. આમ, સમગ્ર ટ્રાયલ દરમિયાન પ્રોસીકયુશન તહોમતદાર સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. સબબ આરોપીઓને સદર ગુના અંગે દોષી ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ વાજબી શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડયા હોય તહોમતદારને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા જોઈએ.

(૭) સબબ હાલના કેસમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ ઘ્યાને લેતાં તેમજ તેમની રજુઆતો ઘ્યાને લેતા, આ કેસનો આખરી ન્યાયપૂર્ણ નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે :–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી ધવલભાઈ ફરિયાદના બે માસ અગાઉ પોણા નવેક વાગ્યે બ્લોક નં.૩૭ આગળ સવારના દુધ લેવા જતા ત્રણ અજાણ્યા છોકરાઓ ખીજવતા જે બાબતે બોલાચાલી થયેલ જે પૈકી એક છોકરો ગઈ તા.૨૬/૮/૨૦૧૭ના નવેક વાગ્યે દેખાતા તેની પાછળ પાછળ જતા જે છોકરો ફરિયાદીને ઓળખી જતા ભાગી ગયેલ અને તે છોકરાના સગા બ્લોક નં.૩૬માં રહેતા હાલના આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી બે મહીના અગાઉ છોકરાઓ સાથે થયેલ બોલાચાલી બાબતે સમજાવવા પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદીના ઘરે જતા ફરિયાદીએ મકાનનો દરવાજો નહી ખોલતા આરોપીઓએ દરવાજાની જાળી જોર જોરથી ખખડાવી ખોલવા પ્રયત્ન કરી બારીનો કાચ તોડી નાખી નુકસાન કરી બિભત્સ ગાળો બોલી, સાલા બધાને બહાર કાઢો આજે તો પતાવી જ દેવા છે, તેવી ધમકી આપતા ફરિયાદીને પોતાને મારી નાખશે જેથી ગભરાઈ ગયેલ અને પોતાના સ્વબચાવ સારૂ પોતાના ઘરમાં રહેલ સંડાસ બાથરૂમ ધોવાનું એસીડ લઈ આવી દરવાજો ખોલી આરોપીઓ ઉપર નાખતા આરોપીઓ નં.૨, ૩ નાઓ ઉપર પડતા તેઓને શરીરે ઈજા થયેલ અને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલને ગડદાપાટુનો માર મારી ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

(૯) મારા ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

(૧૦) ફરિયાદપક્ષ તરફે જિલ્લા સરકારી વકિલ શ્રી ને તેમજ આરોપીઓ તર્ફે વિ. વ. શ્રી ને સાંભળ્યા. મારી સમક્ષ રજૂ થયેલા દસ્તાવેજો તેમજ મૌખિક પુરાવાને વંચાણે લીધા.

(૧૧) આ કેસમાંની ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનુ તહોમત આરોપીઓની સામે નિ:શંકપણે વાજબી શંકાથી પર રીતે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની રહે છે.

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા : –**

**ફરિયાદી તથા સાહેદોના પુરાવાની ચર્ચા : –**

**ફરિયાદીના પુરાવાની ચર્ચા :–**

(૧૨) ફરિયાદપક્ષે ફરિયાદી ધવલભાઈ હસમુખભાઈ ગોહીલનાઓએ સાહેદ નં.૧ તરીકે આંક–૧૩ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરાવો આપેલ છે. તેઓની સરતપાસનો પુરાવો જોવામાં આવે તો, બનાવ ૨૦૧૭માં બનેલ હોવાનું જણાવેલ છે. બનાવના દિવસે તેઓની નોકરી પરથી પરત આવેલ ત્યારે નર્મદા આવાસ યોજનાવાળી તેઓની સોસાયટીમાં તેઓને તેમની સોસાયટીના અમુક માણસો સાથે બોલાચાલી થયેલી અને તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે, તેઓએ તેમના સ્વબચાવ માટે એસીડની બોટલમાંથી દશરથ તથા ભાવેશ રબારી એસીડ નાંખેલ તથા એવુ બનેલ નહી કે, આરોપીઓ તથા બીજા માણસોએ ભેગા મળી તેઓને તથા તેમની મમ્મીને ગાળો બોલી, ગડદાપાટુનો માર મારેલ. ફરિયાદીને આંક–૧૪વાળી ફરિયાદ

બતાવવામાં આવે છે જેમા તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, આ ફરિયાદી પોતાના પોલીસ રૂબરૂની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોઈ સરકારી વકીલશ્રી ધ્વારા ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં ફરિયાદી પોતાની પોલીસ રૂબરૂની ફરિયાદ હકીકતને સમર્થન કરતા નથી. જયારે, બચાવપક્ષે સદર ફરિયાદીની ઉલટતપાસ કરતાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓ તેમને ઓળખે છે, બનાવ વખતે ૩૦ થી ૩૫ માણસો ભેગા થઈ ગયેલા તેથી ટોળામાં કોણ કોણ હતુ તથા કોણ શું બોલતુ હતુ તે કહી શકે નહી તથા બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઈ બનાવ બનેલ ન હોવાનું જણાવેલ છે.

**(૧૨.૧)** આમ, સદર ફરિયાદીના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ વખતે ૩૦ થી ૩૫ માણસો ભેગા થઈ ગયેલ હોવાથી કોણ કોણ હતુ અને કોણ શું બોલતુ હતુ તે કહી શકે નહી. જેથી તેઓના પુરાવાથી આ કામના આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત સાબિત થાય અને માની લઈ શકાય તેવી કોઈ હકીકત તેઓની જુબાની દરમિયાન રેકર્ડ ઉપર આવેલ ન હોય, તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

<u>**સાહેદના પુરાવાની ચર્ચા :-**</u>

**(૧૩)** ત્યારબાદ, ફરિયાદપક્ષે સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલનાઓએ સાહેદ નં.ર તરીકે આંક-૧૫ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, એવુ બનેલ નહી કે, તા.૨૬/૮/૨૦૧૭ના રોજ તેઓનો દીકરો નોકરી પરથી પરત આવેલ ત્યારે તેઓને જણાવેલ કે, બે મહિના અગાઉ હું દુધ લેવા જતો હતો ત્યારે ત્રણ છોકરાઓ મને ખીજવતા હતા અને બોલાચાલી થયેલ. જેથી આજે હું નોકરી પરથી પરત આવતા તે પૈકી એક છોકરો દેખાતા તેનો પીછો કરતા તે ભાગી ગયેલો અને થોડીવારમાં આ છોકરાના સગાઓ લગધીરભાઈ, દશરથભાઈ, ભાવેશ, સંજય તથા બીજા દસ થી બાર માણસો તેઓના ઘરે આવેલા અને જાળી ખખડાવી, બુમો પાડી તથા ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવા લાગેલા. સાલાને પતાવી દઉ તેવી બુમો પાડતા હતા જેથી તેઓને મારી નાખશે તેવી બીક લાગતા ફરિયાદીએ સંડાસ બાથરૂમમાં વપરાતુ એસીડની બોટલ લઈ દશરથભાઈ તથા ભાવેશ ઉપર

એસીડ છાંટેલ અને ઈજા થયેલ. વધુમાં એવુ જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે, ત્યારબાદ પોલીસની ગાડી આવી જતા સાહેદ તથા તેમનો દીકરો સીડી વાટે નીચે ઉતરતા આ લોકોએ તેઓને ગડદાપાટુનો માર મારેલ અને ઘરની બારીનો કાંચ તોડી નુકસાન કરેલ. ત્યારબાદ અંદરો અંદર સમાધાન થઈ ગયેલુ, પરંતુ આ લોકો માથાભારે હોઈ ભવિષ્યમાં મા મારે તેવી દહેશત હોય તેઓના દીકરાએ ફરિયાદ કરેલી હોવાનું જણાવેલ છે. આમ, આ સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતા ન હોઈ સરકારી વકીલશ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં સાહેદ પોતાની પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરતા નથી. જયારે, બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓને ઓળખે છે, બનાવ વખતે ૩૦ થી ૩૫ માણસો ભેગા થઈ ગયેલા તેથી ટોળામાં કોણ કોણ હતુ અને કોણ શું બોલતુ હતુ તે કહી શકે તેમ નથી, બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઈ બનાવ બનેલ ન હોવાનું જણાવેલ છે.

**(૧૩.૧)** આમ, સદર બંને સાહેદના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદ હકીકત તેમજ તે અનુસંધાને તેમને પોલીસ રૂબરૂ આપેલ નિવેદનની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તેવી હકીકત તેઓના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, સદર સાહેદની ઉલટતપાસની હકીકત જોવામાં આવે તો, બનાવ વખતે ૩૦ થી ૩૫ માણસો ભેગા થઈ ગયેલ હોવાથી કોણ કોણ હતુ અને કોણ શું બોલતુ હતુ તે કહી શકે નહી. જેથી તેઓના પુરાવાથી આ કામના આરોપીઓ વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત સાબિત થાય અને માની લઈ શકાય તેવી કોઈ હકીકત તેઓની જુબાની દરમિયાન રેકર્ડ ઉપર આવેલ ન હોય, તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.

**<u>ત.ક.અમલદારના પુરાવાની ચર્ચા :-</u>**

**(૧૪)** ત્યારબાદ, ફરિયાદપક્ષે ત.ક.અમલદાર સુરેન્દ્રભાઈ રણછોડભાઈ ગામીતનાઓએ સાહેદ નં.૩ તરીકે આંક-૧૭ ની સોગંદ ઉપરની જુબાનીમાં પુરાવો આપેલ છે કે, તેઓ સને ૨૦૧૭માં વસ્ત્રાપુર પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા.૨૭/૮/૨૦૧૭ના રોજ તેઓને પો.સ્ટે.અમલદાર તરફથી વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧૮/૧૭, ઈ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબની ફરિયાદ ધવલ હસમુખભાઈ ગોહીલનાઓની

આરોપી લગધીર ઈશ્વરભાઈ રબારી તથા બીજા ત્રણ તથા ટોળા વિરૂધ્ધની ઈન્વે.હે.કો.મહેન્દ્ર વાસુદેવનાઓની રૂબરૂની ફરિયાદ રજીસ્ટર કરી આગળની તપાસ માટે તેઓને મળેલી. તપાસ સંભાળી લઈ આ કામે ગુનાવાળી જગ્યાએ જઈ ગુનાવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામુ કરવામાં આવેલ જે આંક–૧૮વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકેની પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓને આંક–૧૯વાળુ સૂચિપત્ર બતાવવામાં આવે છે જે અ.હે.કો.એ તૈયાર કરેલ છે જેમા તેઓની સહી હોવાનુ જણાવે છે જે ઓળખી બતાવે છે. તેમા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ. ગુનાની તપાસ દરમિયાન કુલ ૬ આરોપીઓ મળી આવતા તેઓની સદર ગુનાના કામે પુછપરછ કરી નિવેદનો લેવામાં આવેલ અને ગુનાના કામે અટક કરવા જેટલા પુરતા પુરાવા પડતા તેઓની સદર ગુનાના કામે અટક કરી નામદાર કોર્ટમાં મુદતની અંદર મોકલી આપેલ તેમજ આ કામના ફરિયાદી વિરૂધ્ધમાં વસ્ત્રાપુર ફ.ગુ.ર.નં.૨૧૯/૨૦૧૭, આઈ.પી.સી. ૩૨૬બી મુજબની ક્રોસ ફરિયાદ દાખલ થયેલ હોય તે ગુનાની પણ તપાસ સંભાળી લીધેલી અને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. જ્યારે, બચાવપક્ષે સદર ત.ક.અ.ની ઉલટતપાસ કરતાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદ તેઓની રૂબરૂમાં લેવામાં આવેલ નથી તેથી ફરિયાદ બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ જે પણ સાહેદોના નિવેદનો લીધેલ છે તે તેમના લખાવ્યા મુજબ નહી, પરંતુ ફરિયાદને અનુરૂપ લખી લીધેલા તથા આ કામે કરેલ પંચનામુ પંચોની હાજરીમાં કરેલ નથી અને તૈયાર પંચનામામાં પંચોની સહીઓ કરાવેલી છે તથા આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ના હોવા છતાં આરોપીઓને ખોટી રીતે અટક કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

**(૧૪.૧)** આમ, સદર સાહેદના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતાં, તેઓને તપાસ મળતા તેઓએ તપાસ સંભાળી લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી સાહેદોના નિવેદનો લીધેલા છે. તેમજ આ કામના આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ હોવાનુ જણાય છે. આમ, સદર સાહેદે તેઓની ફરજને અનુરૂપ કામગીરી કરેલ છે.

**<u>સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન : –</u>**

**(૧૫)** આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના ફરિયાદીનો પુરાવો જોતા, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવેલ છે અને જેથી તેઓએ ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે તથા ફરિયાદીએ ઉલટતપાસમાં પણ આરોપીઓ સાથે

સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહી હોવાનું તથા બનાવ વખતે ૩૦ થી ૩૫ માણસો ભેગા થઈ ગયેલ હોઈ કોણ કોણ હતુ અને કોણ શું બોલતુ હતુ તે કહી શકે નહી તેવુ સ્પષ્ટ જણાવેલ છે. આમ, સદર ગુનાના કામે ખુદ ફરિયાદી ધ્વારા ફરિયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઈ હકીકત તેઓના પુરાવાથી રેકર્ડ ઉપર લાવેલ નથી. આ કામે ફરિયાદીનો સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ ફરિયાદ હકીકતથી બિલકુલ વિરુધ્ધની હકીકત તેઓના પુરાવો જણાવેલ છે. વધુમાં આ કામે સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલ કે જેઓ ફરિયાદીના માતા થાય છે તેઓનો આંક–૧૫થી સોગંદ ઉપર પુરાવો લેવામાં આવેલ છે. તેઓએ પણ તેમના પુરાવામાં ફરિયાદપક્ષની ફરિયાદ હકીકત તેમજ તે અનુસંધાને તેઓએ પોલીસ રૂબરૂ આપેલ નિવેદનની હકીકતથી વિરુધ્ધનો પુરાવો આપેલ છે અને આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ અને તે સિવાય બીજું કાંઈ બનેલ નહી હોવાનું તથા બનાવ વખતે ૩૦ થી ૩૫ માણસો ભેગા થઈ ગયેલ હોઈ કોણ કોણ હતુ અને કોણ શું બોલતુ હતુ તે કહી શકે નહી તેવુ સ્પષ્ટ જણાવેલ છે. આમ, તેઓ ધ્વારા રજૂ પુરાવાથી પણ ફરિયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થાય તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે આંક–૧૮ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદોને તપાસવામાં આવેલા નથી જેથી, ફરિયાદપક્ષ તરફે રજૂ આંક–૧૮નું પંચનામુ નિ:શંકપણે પુરાવાર કરેલ નથી. વધુમાં આ કામે ત.ક.અમલદાર સુરેન્દ્રભાઈ રણછોડભાઈ ગામીતનાઓએ આંક–૧૭ના પુરાવામાં તેઓની ફરજ તેમજ ગુનાની તપાસને અનુરૂપ કામગીરી કરેલ હોવાનુ જણાય છે, તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, ફરિયાદપક્ષે રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

(૧૬) આમ, ફરિયાદપક્ષે રજૂ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામના ફરિયાદી ધવલભાઈ ફરિયાદના બે માસ અગાઉ પોણા નવેક વાગ્યે બ્લોક નં.૩૭ આગળ સવારના દુધ લેવા જતા ત્રણ અજાણ્યા છોકરાઓ ખીજવતા જે બાબતે બોલાચાલી થયેલ જે પૈકી એક છોકરો ગઈ તા.૨૬/૮/૨૦૧૭ના નવેક વાગ્યે દેખાતા તેની પાછળ પાછળ જતા જે છોકરો ફરિયાદીને ઓળખી જતા ભાગી ગયેલ અને તે છોકરાના સગા બ્લોક નં.૩૬માં રહેતા હાલના આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી બે મહીના અગાઉ છોકરાઓ સાથે થયેલ બોલાચાલી બાબતે સમજાવવા

પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સારૂ ફરિયાદીના ઘરે જતા ફરિયાદીએ મકાનનો દરવાજો નહી ખોલતા આરોપીઓએ દરવાજાની જાળી જોર જોરથી ખખડાવી ખોલવા પ્રયત્ન કરી બારીનો કાચ તોડી નાખી નુકસાન કરી બિભત્સ ગાળો બોલી, સાલા બધાને બહાર કાઢો આજે તો પતાવી જ દેવા છે, તેવી ધમકી આપતા ફરિયાદીને પોતાને મારી નાખશે જેથી ગભરાઈ ગયેલ અને પોતાના સ્વબચાવ સારૂ પોતાના ઘરમાં રહેલ સંડાસ બાથરૂમ ધોવાનું એસીડ લઈ આવી દરવાજો ખોલી આરોપીઓ ઉપર નાખતા આરોપીઓ નં.૨, ૩ નાઓ ઉપર પડતા તેઓને શરીરે ઈજા થયેલ અને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ પુષ્પાબેન હસમુખભાઈ ગોહીલને ગડદાપાટુનો માર મારી ભાગી ગયેલ હોય, તેવી હકીકત આ કામે રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ચળ ગયેલ છે. જેથી, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) ''સંહિતા'' ની કલમ ૨૩૫(૧) અન્વયે આરોપીઓ **નં. ૧) લગધીરભાઈ ઈશ્વરભાઈ રબારી,** રહે. બ્લોક નં.૪૧/૧૨૮૭, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, **નં.૨) દશરથભાઈ ભીખાભાઈ રબારી,** રહે. બ્લોક નં.૧૭/૫૨૧, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, **નં.૩) ભાવેશભાઈ રૂગનાથભાઈ દેસાઈ,** રહે. બ્લોક નં.૨૪/૭૪૩, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, **નં.૪) સંજયકુમાર સુખાભાઈ રબારી,** રહે. બ્લોક નં.૩૬/૧૧૪૩, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, **નં.૫) જામાભાઈ ભગવાનભાઈ રબારી,** રહે. રવિભાઈ ઠકકરના ખુલ્લા પ્લોટમાં, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ, **નં.૬) અંબારામ માલજીભાઈ રબારી,** રહે. બ્લોક નં.૫૪/૧૦૧૭, નર્મદા આવાસ, ઔડાના મકાન, સિંધુભવન રોડ, વસ્ત્રાપુર, અમદાવાદનાઓને વસ્ત્રાપુર પો.સ્ટે.ફ. ગુ.ર.નં.૨૧૮/૧૭, ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ''સંહિતા''ની કલમ ૪૩૭(એ) અન્વયે હાલના છોડી મુકવાના હુકમ સામે અપીલ કે રીવીઝન થયેથી નામદાર ઉપલી અદાલતમાં હાજર રહેવા માટે દરેક આરોપીઓએ છ માસની મુદ્દત સુધી રૂા.૫,૦૦૦/– ની સઘ્ધર જામીનદારની જામીનગીરી તથા તેટલી જ રકમનો જાત મુચરકો લખી આપવાનો રહેશે.

(૩) સદર કામની કાયદાકીય પ્રકિયા પૂર્ણ થયા બાદ, સદર કામનુ રેકર્ડ નિયમોનુસાર સેન્ટ્રલ રેકર્ડ રૂમમા મોકલી આપવું.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૨૯, માહે : એપ્રીલ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૯/૪/૨૦૨૩
અમદાવાદ

(એ.એમ.વર્મા)
કોડ નં. જીજે૦૦૫૭૭
આઠમા અધિક સેશન્સ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર.

District & Sessions Court Ahmedabad[Rural]
सत्यमेव जयते